| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૧૧/૧૧/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૦૨૯/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૧૧/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૯ | ૦ | ૧૪૯ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૨ | ૦ | ૧૦૦૭૦૨ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૪,૬૬,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# નાસતા-ફરતા આરોપીની અટકાયતની વિગત

## એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ (૧)

## બાપુનગર પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ નાઓની સુચના મુજબ પોલીસ ઇન્સ્પેકટરશ્રી ડી.વી.હડાત નાઓના માર્ગદર્શન હેઠળ મ.સ.ઇ. ધર્મેન્દ્રસિંહ હિમંતસિંહ બ.ન.૮૦૧૮ તથા અ.હે.કો. મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ બ.ન.૩૯૩૧ તથા અ.હે.કો. જયેન્દ્રસિંહ વિરભદ્રસિંહ બ.ન.૫૦૪૩ તથા અ.હે.કો. કમલેશકુમાર મણીલાલ બ.ન.૯૪૩૫ તથા અ.લો.ર. પ્રણયસિંહ કિરીટસિંહ બ.ન.૧૩૩૫૨ નાઓ સાથે નાસતા-ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન અ.હે.કો. જયેન્દ્રસિંહ વિરભદ્રસિંહ બ.ન.૫૦૪૩ તથા અ.લો.ર. પ્રણયસિંહ કિરીટસિંહ બ.ન.૧૩૩૫૨ નાઓની સચોટ બાતમી હકિકત આધારે બાપુનગર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૦૭૨૨૦૮૩૦/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ-૩૨૬, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ-૧૩૫(૧) મુજબના ગુનાના કામે નાસતા-ફરતા આરોપી લવકુશ ઉર્ફે હનીસિંગ ગણેશભાઇ રાજપુત ઉ.વ.૧૯ રહે. રામજીલાલનું પીઠુ સરસપુર અમદાવાદ શહેર હાલ રહે.અંબે માતાના મંદીર પાસે, ગુ.હા.બોર્ડ, બાપુનગર, અમદાવાદ શહેર નાને મણિનગર રેલવે ક્રોસિંગ ખાતેથી તા.૧૦/૧૧/૨૦૨૨ ના કલાક. ૧૭/૧૫ વાગ્યે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આગળની ઘટિત કાર્યવાહી કરવા સારૂ બાપુનગર પો.સ્ટે. ને સોંપવા તજવીજ કરેલ છે.

**કામગીરી કરનાર અધિકારીશ્રીકર્મચારી :**

(૧) મ.સ.ઇ. ધર્મેન્દ્રસિંહ હિમંતસિંહ બ.ન.૮૦૧૮

(૨) અ.હે.કો. મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ બ.ન.૩૯૩૧

(૩) અ.હે.કો. જયેન્દ્રસિંહ વિરભદ્રસિંહ બ.ન.૫૦૪૩

(૪)અ.હે.કો. કમલેશકુમાર મણીલાલ બ.ન.૯૪૩૫

(૫) અ.લો.ર. પ્રણયસિંહ કિરીટસિંહ બ.ન.૧૩૩૫૨



**એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ (૨)**

## વટવા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ અમદાવાદ શહેર

પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાંચ, તથા નાયબ પોલીસ કમિશનરશ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ એસ.ઓ.જી.ના હેડને લગતી તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા અંગેની કામગીરી કરવા સારૂ સૂચના કરેલ હોય.

જે અન્વયે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચના સુપરવિઝન તથા પોલીસ ઇન્સપેકટરશ્રી ડી.વી.હડાત નાઓના માર્ગદર્શન હેઠળ મ.સ.ઇ. ધર્મેન્દ્રસિંહ હિમંતસિંહ બ.ન.૮૦૧૮ તથા અ.હે.કો. મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ બ.ન.૩૯૩૧ તથા અ.હે.કો. જયેન્દ્રસિંહ વિરભદ્રસિંહ બ.ન.૫૦૪૩ તથા અ.હે.કો. કમલેશકુમાર મણીલાલ બ.ન.૯૪૩૫ તથા અ.લો.ર. પ્રણયસિંહ કિરીટસિંહ બ.ન.૧૩૩૫૨ નાઓ નાસતા-ફરતા આરોપીઓ પકડી પાડવા સારૂ અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. તે દરમ્યાન અ.હે.કો. મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ તથા અ.હે.કો. કમલેશકુમાર મણીલાલ નાઓની સચોટ બાતમી હકિકત આધારે (૧) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુ.ર.નં-૧૧૧૯૧૦૩૮૨૧૦૩૩૨/૨૦૨૧ ધી પ્રોહી કલમ- ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ તથા (૨) વટવા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૮૨૨૦૭૭૪/૨૦૨૨ ધી પ્રોહી કલમ-૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના ગુનાના નાસતા-ફરતા આરોપી અરવિંદભાઇ ઉર્ફે બીરજુ રામદત્ત પાલ ઉ.વ.૪૬ ધંધો.ભંગારનું કામકાજ રહે. ચમ્પાબેનની ચાલી, નાગરવેલ હનુમાન મંદીરની સામે, અમરાઇવાડી, અમદાવાદ શહેર નાને અમરાઇવાડી ભીલવાડા ખાતેથી આજ-રોજ તા.૧૧/૧૧/૨૦૨૨ ના કલાક. ૧૩/૦૦ વાગ્યે સી.આર.પી.સી. કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરી આગળની કાર્યવાહી કરવા સારૂ વટવા પો.સ્ટે. ને સોંપવા તજવીજ કરેલ છે.

### કામગીરી કરનાર કર્મચારીઓ:

(૧) મ.સ.ઇ. ધર્મેન્દ્રસિંહ હિમંતસિંહ બ.ન.૮૦૧૮

(૨) અ.હે.કો. મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ બ.ન.૩૯૩૧

(૩) અ.હે.કો. જયેન્દ્રસિંહ વિરભદ્રસિંહ બ.ન.૫૦૪૩

(૪) અ.હે.કો. કમલેશકુમાર મણીલાલ બ.ન.૯૪૩૫

(૫) અ.લો.ર. પ્રણયસિંહ કિરીટસિંહ બ.ન.૧૩૩૫૨



# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ-

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ કરેલ સુચના અનુસંધાને તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ આગામી વિધાનસભા ચુંટણી-૨૦૨૨ અનુસંધાને ચુંટણી સુચારૂ રૂપે થાય અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા નરોડા વિસ્તારમાં મારામારીના ગુનાઓમાં પકડાયેલ આરોપીને સિનીયર પોલીસ ઇન્સપેક્ટર વાય.જે.રાઠોડ નાઓએ આરોપી સુકીત ઉર્ફે સુખીત દિનેશભાઈ જાતે બારોટ ઉ.વ.૨૨ રહે. બ્લોક નં.૯૭/૨૩૨૩ ગુ.હા.બોર્ડ મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) નરોડા પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૨૦૫૪૫/૨૦૨૨ ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ.એ.ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૨૦૪૦૮/૨૦૨૨ ઈપીકો કલમ ૩૨૪, ૨૯૪(ખ), તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ: ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૯૫૧/૨૦૨૨ તા.૧૦/૧૧/૨૦૨૨ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૧૦/૧૧/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે. તા.૧૦/૧૧/૨૦૨૨

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) મ.સ.ઈ દિલીપકુમાર ઈશ્વરભાઈ બ.નં. ૭૬૨૦

(૨) પો.કો કિરણસિંહ ગોપાલસિંહ બ.નં.૯૨૧૦

(૩) પો.કો આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૪) પો.કો જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૫ કેસ કરી, ૮૮ વ્યક્તિઓને ઝડપી, ૩૮૮ લીટર દેશી દારૂ, ૧૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તથા જુગારધારા હેઠળ ૧ કેસ કરી, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. પ્રોહી ૯૩ મુજબ ૧૬૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૨/૨૦૨૨**

**સોલા હાઇકોર્ટઃ** વિલાસબહેન વા/ઓ ગૌરાંગભાઇ શાહ (ઉ.વ.૪૬)(રહે,ન્યુ મૃદુલપાર્ક સોસાયટી વિભાગ-૧, સોલા બી.આર.ટી.એસ.ની બાજુમા સોલા) એ તા.૧૦/૧૧/૨૦૨૨ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે વિલાસબહેનની પુત્રીને વિદેશ સામાનનુ પાર્સલ મોકલવાનુ હોઇ, તા.૨૭/૦૯/૨૦૨૨ના બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ગુગલમાંથી “બ્લ્યુ ડાર્ટ” નામની ડીલીવરી કંપનીનું નામ સર્ચ કરતા મળેલ મોબાઇલ નંબર ૮૯૧૮૨૦૧૬૪૧ ઉપર વાત કરતા મોબાઈલ નંબરના ધારકે વિલાસબહેનને વ્હોટસ એપ ઉપર લિન્ક મોકલી રજીસ્ટ્રેશન કરવાનુ જણાવી પ્રોસેસ કરાવી વિલાસબહેનના ખાતામાંથી રૂપિયા ૮૨,૫૯૯/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઇ વિલાસબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૩૩/૨૦૨૨**

**નરોડાઃ** ચિરાગકુમાર મહેશકુમાર શાહ (ઉ.વ.૩૩)(રહે.સદગુરૂ લેન્ડમાર્ક, સાઉથ ઈન્ટરનેશનલ સ્કુલની બાજુમા, હંસપુરા નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૧/૨૦૨૨ સાંજના ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા રાતના ૮/૪૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી